જા.નં/મા-૨/૨૦૨૨ / ૧૫૯૭

જિલ્લાશિક્ષણાધિકારી કચેરી,
એ-૩,જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા. ૨૬ /૦૮/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,

વિષય :- સુનિતાઝ મેકર્સસ્પેસ આયોજિત 'મેકર્સ ડે' ની સ્પર્ધામાં ભાગ લેવા બાબત...

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સુનિતાઝ મેકર્સસ્પેસ છેલ્લા પાંચ વર્ષથી બાળકોમાં કૌશલ્ય પારંગતતા માટે વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ કરે છે. બાળકોની કલાને વિકસાવવા માટે જરૂરી પ્લેટફોર્મ પૂરું પડે છે. સદર સંસ્થા દ્વારા દર વર્ષે વિવિધ થીમ આધારિત 'મેકર્સ ડે' ની ઉજવણી થાય છે. આ વર્ષે પણ 'SPACE' થીમ પર સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૨૨ દરમિયાન મેકર્સ ડે નું આયોજન કરવામાં આવ્યું છે.

'SPACE' એટલે વિચારોને મુક્ત રીતે પ્રગટવાનો અવકાશ. બાળકને જે ક્ષેત્રમાં ઉત્તમ આવડત હોય તે સંપૂર્ણ સ્વતંત્રતા થી વિશ્વ સમક્ષ મુકવાનો અવકાશ. સદર સ્પર્ધાની વિશેષ માહિતી આ પરિપત્ર સાથે સામેલ છે. બાળકોના સર્વાંગી વિકાસલક્ષી સારી પ્રવૃત્તિ હોઈ, જે બાળકને સંપૂર્ણ સ્વેચ્છાએ મરજીયાત ધોરણે સ્પર્ધામાં ભાગ લેવો હોય તેમને સ્પર્ધા અંગે માહિતી અને માર્ગદર્શન આપી તેમના નામની નોંધણી કરવા તથા બાળકના વાલીની આ માટે મંજુરી મેળવી શાળા કક્ષાએ રાખવાની રહેશે.

સ્પર્ધામાં નામની નોંધણી કરવા બિડાણમા સંપૂર્ણ માહિતી સાથે સમજ આપેલ છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો-સુરત

બિડાણ :- સ્પર્ધાની માહિતી અંગેનો પત્ર.

Sunita's
MAKERSPACE

# MAKERS DAY CELEBRATION

12 Oct, 2022

Sunita's MAKERSPACE

# MAKERS DAY CELEBRATION :

વિશ્વનું દરેક બાળક અદભુત શક્તિઓ ધરાવે છે. તેમાંની કેટલીક ધ્યાન પર આવે છે તો કેટલીક સુષુમ સ્વરૂપે રહી અદ્રશ્ય થઈ જાય છે. સુનીતાઝ મેકર સ્પેશ આવી સુષુમ શક્તિઓને જરૂરી પ્લેટફોર્મ પુરુ પાડી બાલકની પ્રતિભાને વિશ્વ સમક્ષ મુકવામાં મદદ કરે છે. નવી શિક્ષણનીતિમાં પણ કૌશલ્યલક્ષી અને વ્યવસાયલક્ષી શિક્ષણ પ્રણાલી પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. કલા, સ્થાપત્ય, સંગીત, રમત ગમત, સમાજસેવા, યોગ ....વગેરે જેવા વિષયો પણ અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવશે. સુનીતાઝ મેકર સ્પેશ ધ્વારા બાળક પોતાનાં વિચારો, લાગણીઓ, કૌશલ્યો અને સપનાઓને અભિવ્યક્ત કરે તે માટે મેકર્સ ડે નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત બાળકો વયજૂથ પ્રમાણે પોતાની શક્તિઓને વિશ્વ સમક્ષ ઉત્તમ રીતે પ્રદર્શીત કરી શકશે. આમ કરવાથી બાળકમાં રહેલા કૌશલ્યો જે કક્ષાએ છે તેનાથી વધુ સારી કક્ષા સુધી પહોંચી શકશે.

Sunita's
MAKERSPACE

# સ્પર્ધાના નીતિ-નિયમો નીચે મુજબ છે.

૧)સ્પર્ધાનાં નીતિ – નિયમો :

સ્પર્ધાની નોંધણી તા.૧૩/૦૮/૨૦૨૨ થી ૨૦/૦૯/૨૦૨૨ સુધી થઇ શકશે.

દરેક સ્પર્ધકોને ઇ-પ્રમાણપત્રો આપવામાં આવશે.

વિચારો પોતાના હોવા જોઈએ, ક્યાંયથી કોપી કરેલ સાહિત્ય રજુ કરવું નહી.

સ્પર્ધક વધારેમાં વધારે બે સ્પર્ધાઓમાં જ ભાગ લઇ શકશે.

સ્પર્ધાનું પ્રથમ રાઉન્ડ ઓનલાઈન છે, જેના માટે આપે નીચે પ્રમાણે વિધિ કરવાની રહેશે.

સ્પર્ધામાં ભાગ લેવા માટે સૌ પ્રથમ પોતાના નામનું રજીસ્ટ્રેશન કરવું ત્યારબાદ આપને જણાવેલ એપ પર આપનો વિડિયો અપલોડ કરવો. આ લિંક વધુમાં વધુ લોકોને શેર કરવી જેથી તેઓ આપના વિડિયોને લાઇક કરી શકે. આપને મળેલ કુલ " લાઇક " પરિણામ પર અસર કરશે. ઓનલાઈન રાઉન્ડનાં અંતે પસંદ થયેલ કૃતિ બીજા રાઉન્ડ માટે આગળ જશે.

સ્પર્ધક માટે માર્ગદર્શન :-

સ્પર્ધાની થીમ " સ્પેસ " :-

સ્પેસ એટલે આપની કોઈપણ ક્ષેત્રની આવડત, સ્કીલને વિશ્વ આગળ રજુ કરવાની સ્વંત્રતા. આપને જે કઈ કૌશલ્યોમાં પારંગતતા ધરાવતા હોવ તે આપે રજુ કરવાનું છે. જેમકે સંગીતનો શોખ હોયતો વાદ્ય, ગાયન કે અન્ય કોઈ પણ ચિત્ર, ક્રાફ્ટ વર્ક, વિજ્ઞાન લક્ષી કંઇક નવી શોધ, વકૃત્વ, સ્ટેન્ડીંગ કોમેડી, કાવ્ય ગાન કે કાવ્ય સર્જન, ....વગેરે જેવા કોઈ પણ ક્ષેત્રમાં આપની અત્યંત પ્રભાવશાળી કૃતિનું રેકોર્ડીંગ કરી અપલોડ કરી શકો છો. ટૂંકમાં " સ્પેસ " એટલે વિચારોને મુક્ત રીતે વિશ્વ સાથે પ્રગટાવવાનો અવકાશ..

Sunita's
MAKERSPACE

# સ્પર્ધાના નીતિ-નિયમો નીચે મુજબ છે.

## કઈ રીતે ભાગ લઇ શકાય?

સૌ સ્પર્ધકે પોતાનું રજીસ્ટ્રેશન આપેલ લિંક પર કે બારકોડ સ્કેન કરીને કરવાનું રહશે. રજીસ્ટ્રેશન કર્યા બાદ પોતાના માસ્ટરી વાળું ક્ષેત્ર પસંદ કરી તેમાં તે શું રજુ કરવા માંગે છે તે નક્કી કરવું. ત્યાર બાદ તેનો ત્રણ પ્રકાર માં વિડિઓ શૂટિંગ કરવું. ચિત્ર કાપ કે વિધાનનાં પ્રયોગ જેથી વધુ સમય માંગતી કૃતિ હોય તો તેને લાયક શૂટિંગ કરી અમુક ભાગ ફાસ્ટ ફોરવર્ડ થી રેકોર્ડ કરી ત્રણ પ્રકારનો વિડિઓ બનાવી શકાય.. આપે ટાયર કરેલ વિડિઓ આપણે આપવામાં આવનાર લિંક પર અપલોડ કરવાનો રહશે. અપલોડ થયેલ તમામ વિડીઓના ગુણાંકન ના આધારે તેમને આગળના રાઉન્ડમાં પસંદગી થશે .

| Age Group | 1st Prize | 2nd Prize | 3rd Prize |
|---|---|---|---|
| 4-5 years | 7000 | 5000 | 3000 |
| 6 year | 7000 | 5000 | 3000 |
| 7 year | 7000 | 5000 | 3000 |
| 8 year | 8000 | 6000 | 4000 |
| 9 year | 9000 | 7000 | 5000 |
| 10 to 12 years | 11000 | 9000 | 7000 |
| 13 to 17 years | 15000 | 13000 | 11000 |
| 18 above | 25000 | 20000 | 15000 |

આ સ્પર્ધા તમામ વયજૂથના લોકો માટે ઓપન છે. બાળકો સાથે મોટા લોકો પણ આ સ્પર્ધામાં ભાગ લઈ પોતાની સ્કિલ રજુ કરી શકે છે. વાલીઓ, શાળાના શિક્ષકો કે અન્ય વ્યવસાય સાથે સંકળાયેલા તમામ લોકો ને સ્પર્ધા માં ભાગ લઈ આનંદિત થવા અમારું ભાવભર્યું આમંત્રણ છે.

Sunita's MAKERSPACE

ઓનલાઈન રાઉન્ડના પરિણામો ૨ ઓકટોબર ૨૦૨૨ નાં રોજ જાહેર કરવામાં આવશે.

સેમી ફાઈનલ રાઉન્ડ ૮ ઓકટોબર ૨૦૨૨ નાં રોજ થશે.

ફાઈનલ ( ગ્રાન્ડ ફિનાલે ) રાઉન્ડ ૧૨ ઓકટોબર ૨૦૨૨ નાં રોજ થશે.

વિજેતાને આકર્ષક ઈનામો આપવામાં આવશે.

સ્પર્ધકે એક સ્પર્ધા માટે નોંધણીની રકમ ૯૯ રૂપિયા તેમજ બે સ્પર્ધા માટે ૧૯૮ રુપિયા ભરવાના રહેશે.

એક વાર નોંધણી કરાવ્યા બાદ સ્પર્ધાની ફી પરત કરવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવી.

વિડિયોમાં ફક્ત સ્પર્ધકનો જ અવાજ હોવો જોઇએ.

નિતી-નિયમો અનુસાર તમારો વિડિયો એપ્લીકેશન પર અપલોડ કરવા વિનંતી.

સ્પર્ધક ૨૦ ઓગસ્ટ ૨૦૨૨ થી તેમના વિડિયો અપલોડ કરી શકે છે.

એકવાર અપલોડ કરેલ વિડિયો ડીલીટ કે બદલી શકાશે નહી.

વિડીયોને મુખ્ય માપદંડ જેમ કે વિડીયોની ગુણવત્તા, સામગ્રીની અસર, અમારી એપ્લીકેશનમાં મળેલ લાઈકસની સંખ્યાના આધારે નક્કી કરવામાં આવશે.

કોઈપણ માહિતી માટે +91 99091 22000 પર કોલ કરો અથવા અમને પર

connect@smakerspace.com ઈ-મેઈલ કરો.

2) વિડિયો વિષેના નિયમો

વિડીયો ઉતારતી વખતે ફોન ઉભો રાખઓ

વિડીયો વધારેમાં વધારે 3 મિનિટનો હોવો જોઈએ

પાછળનો બેકગ્રાઉન્ડ ધ્યાનમાં રાખીને વિડીયો ઉતારાવો

શાંત વાતાવરણમાં વિડીયો ઉતારવો. (વિડીઓ ઉતારતી વખતે વચ્ચે કોઈપણ વ્યક્તિ નો અવાજ આવવો જોઈએ નહિ.)

વિડીઓ ની સાઈસ 100 MB થી વધુ હોઈ જોઈએ નહિ.

Sunita's
MAKERSPACE

વિડીઓ ફરજીયાત રંગીન કપડાં માં ઉતારવો.

વિડીઓ ની ગુણવત્તા સારી હોવી જોઈએ. વિડીઓ  અસ્પષ્ટ હોવો જોઈએ નહિ.

વિડીઓમાં સ્પર્થક તેમજ એ જે સ્પેસની વાત કરી રહ્યા છે એ એકજ વિડીઓમાં આવી જવું જોઈએ વિડિઓ અટકવો જોઈએ નહિ. (સળંગ હોવો જોઈએ)

વિડીઓ શૂટિંગ, ગોઠવેલ સામગ્રી તેમજ હાવભાવ, શબ્દ સ્પષ્ટિકરણ, અવાજનો આરોહ અવરોહ નું પણ મૂલ્યાંકન કરવામાં આવશે.

અમે વિષય તેમજ થીમ અનુસાર તમારી પ્રતિભાને દયાનમાં રાખી ગુણાંકન કરીશું.

વિડીઓ જેટલો સર્જનાત્મક હશે એટલો વધુ ગુણને પાત્ર રહશે

સમાજમાં અશાંતિ ફેલાવે તેવા વિવાધસ્પદ વિષયો  પસંદ કરવા નહિ આ વિષયો ગેરમાન્ય ઠેરવવામાં આવશે.

આપે અપલોડ કરેલ વિડિયો અમારી ટીમ દ્વારા કવોલીફાઇડ થશે તો સુનિતાઝ મેકરસ્પેસ ના પોર્ટલ/એપ પર વિઝીબલ થશે આપના અપલોડ થયેલા વિડિયો ની લીંક આપને આપવામાં આવશે. આપે વધુમાં વધુ લોકો સુધી આ લીંક પહોંચાડવી. આપને જેટલી લાઈક મળશે તે અંક પણ પરિણામ માં ગણતરીમાં લેવાશે.

અમારી એપ્લિકેશન માં જોડાયેલ રહો, કારણ કે અમે પ્રગતિ અને સ્પર્ધાના પરિણામને અપડેટ કરતા રહીયે છે.

રજિસ્ટ્રેશન કરવા માટે ની લીંક:

**https://smakerspace.com/Portal/MakersDayEvent/**

નીચેના **QR CODE** સ્કેન કરવાથી પણ રજિસ્ટ્રેશન ફોર્મ ખુલશે.

Sunita's
MAKERSPACE




